www.xtrapapers.com

OCR
Oxford Cambridge and RSA

# Monday 15 June 2015 – Morning

## A2 GCE GUJARATI

**F884/01** Listening, Reading and Writing 2

Candidates answer on the Question Paper.

**OCR supplied materials:**
- Special Sheet (Inserted)
- CD

**Other materials required:**
None

**Duration:** 2 hours 45 minutes

| Candidate forename | | Candidate surname | |
|---|---|---|---|

| Centre number | | | | | | Candidate number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

## INSTRUCTIONS TO CANDIDATES

- The Special Sheet will be found inside this document.
- Write your name, centre number and candidate number in the boxes above. Please write clearly and in capital letters.
- Use black ink.
- Read each question carefully. Make sure you know what you have to do before starting your answer.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your candidate number, centre number and question number(s).
- Answer **all** the questions in Section A and B and **one** question in Section C.
- Do **not** write in the bar codes.

## INFORMATION FOR CANDIDATES

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are three sections in this paper.
  **SECTION A: 38 Marks Listening and Writing**
  **SECTION B: 77 Marks Reading and Writing**
  **SECTION C: 45 Marks Writing**
- Dictionaries are **not** allowed.
- This document consists of **20** pages. Any blank pages are indicated.

© OCR 2015 [K/500/8404]
DC (RW) 104130/4
OCR is an exempt Charity

www.xtrapapers.com



## SECTION A – Listening and Writing

*Recommended time for Section A: 30 minutes*

**Task 1: Listening**

**Social media**

**Listen to the recording and answer the following questions IN ENGLISH.** **[6 marks]**

**(a)** When speaking to relatives abroad, what is the advantage of …

**(i)** … using social media? ........................................................................................... **[1]**

**(ii)** … using attachments like the web camera? ............................................................... **[1]**

**(b)** What **two** effects does use of technology have on children at school?

..........................................................................................................................................

.......................................................................................................................................... **[2]**

**(c)** What **two** effects of social media worry the speaker?

..........................................................................................................................................

.......................................................................................................................................... **[2]**

© OCR 2015

www.xtrapapers.com



સવાલ ૨ : શ્રવણ

## ગુજરાત દર્શન

**વાર્તા સાંભળીને નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો.**

**[૨૨ ગુણ વાચનબોધ માટે અને ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**(ક)** રીટાનો વ્યવસાય શું હતો?

............................................................................................................................ **[૧]**

**(ખ)** તેને માટે પ્રદર્શનની મુલાકાતનો હેતુ શો હતો?

............................................................................................................................ **[૧]**

**(ગ)** રીટા પ્રદર્શનમાં ગઈ તે પહેલાં તેના મનમાં તે વિશેનું કેવું ચિત્ર હતું?

............................................................................................................................ **[૧]**

**(ઘ)** રીટાને પ્રદર્શનની ભવ્યતાની ખબર કેવી રીતે પડી?

............................................................................................................................ **[૧]**

**(ચ)** પ્રદર્શનની ખુલ્લી જગામાં કેવી રહેણી કરણીનો ખ્યાલ આવતો હતો? બે વિગતો આપો.

(૧) ................................................................................................................ **[૧]**

(૨) ................................................................................................................ **[૧]**

**(છ)** ટ્રામગાડીને કારણે ક્યો લાભ મળતો?

............................................................................................................................ **[૧]**

**(જ)** ફકરામાંથી આપણે જાણી શકીએ છીએ કે ગામની સ્ત્રીઓ સવાર-સવારમાં ઘણી મહેનત કરતી? કોઈ પણ ચાર દાખલા આપો.

(૧) ................................................................................................................ **[૧]**

(૨) ................................................................................................................ **[૧]**

(૩) ................................................................................................................ **[૧]**

(૪) ................................................................................................................ **[૧]**

© OCR 2015

www.xtrapapers.com



(ઝ) ગામનો નદીકિનારો કઈ કઈ પ્રવૃત્તિઓથી જીવંત હતો? <u>બે</u> વિગતો આપો.

(૧) ....................................................................................................................[૧]

(૨) ....................................................................................................................[૧]

(ટ) વ્યાપારીઓ ગ્રાહકોને કેવી રીતે આકર્ષિ રહ્યા હતા?

....................................................................................................................[૧]

(ઠ) કયો વિરોધાભાસ જોઈને રીટાને દુખ થયું?

....................................................................................................................

....................................................................................................................[૨]

(ડ) રીટાને શા માટે ગૌરવની લાગણી થઈ? <u>બે</u> વિગતો આપો.

(૧) ....................................................................................................................[૧]

(૨) ....................................................................................................................[૧]

(ઢ) આઝાદીની લડાઈ વિશેના તંબુ પર રીટા શા માટે આશ્ચર્યચકિત થઈ?

....................................................................................................................[૧]

(ણ) રીટાને વાજિંત્રોના તંબુ પાસેથી આગળ વધવાનું મન નહોતું થતું એનું કારણ શું હતું?

....................................................................................................................[૧]

(ત) ગુજરાતની વાનગીઓના વિભાગમાં કયા આકર્ષણો હતાં?

(૧) ....................................................................................................................[૧]

(૨) ....................................................................................................................[૧]

© OCR 2015

www.xtrapapers.com



## SECTION B – Reading and Writing

*Recommended time for Section B: 1 hour and 15 minutes*

**In Section B there are 10 marks for the Quality of Language.**

**સવાલ ૩ થી ૭ Tasks 3 to 7 સવાલ ૩ થી ૭માં બધા જ સવાલો એક જ લેખ "બગીચામાં સ્વર્ગ" પર આધારિત છે.**

**નીચેનો લેખ વાંચો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

### બગીચામાં સ્વર્ગ

૧ રજનીભાઈ અને જયાબહેન સૂરત શહેરની બાજુમાં આવેલી તેમની વિશાળ વાડીને છેડે બાંધેલા બંગલામાં રહેતાં. બંગલામાં ઘણી સગવડો હતી એટલે દંપતિનું જીવન આરામથી વીતતું હતું. લંડનમાં સ્થાયી થયેલો તેમનો પુત્ર, ચિરાગ, તેમને લંડન આવી જવા ખૂબ આગ્રહ કરતો પણ તેઓ માનતા કે આમ કુદરતને ખોળે બેસીને જીવવાનું તેમને લંડનમાં તો ક્યાંથી મળવાનું એટલે તેઓ પુત્રની વાત ટાળતા. ચિરાગે તેનાં માતાપિતાને વાડીના અને ઘરના કામમાં મદદરૂપ થવાં માટે એક યુગલને રાખ્યું હતું અને તે બન્ને બંગલાની બાજુના નાનકડા મકાનમાં રહીને રજનીભાઈ અને જયાબહેનને તેમનો સદાનો સહકાર આપતા.

૨ પુત્ર ચિરાગના લગ્ન વખતે તેઓ યુ.કે. આવ્યાં અને લંડનની બહાર આવેલા ચિરાગના મકાનને ફરતે ખીલેલી વનરાજી જોઈ તેમને તેમની માન્યતા ખોટી પડતી લાગી. ઉપરાંત તેમની સ્વતંત્ર રહેવાની ઈચ્છા જાણીને ચિરાગે તેના મકાનની બાજુમાં જ તેમને એક બંગલો ખરીદી આપ્યો. બંગલાની ચારે તરફ બગીચો જોઈને રજનીભાઈએ ખુશ થઈને કહ્યું, "કુદરતને ખોળે તો અહીં પણ રહી શકાશે."

૩ ભારતમાં પોતાની દુકાનમાંથી નિવૃત્ત થયા બાદ રજનીભાઈ નવરાશનો સમય તેમની વાડીમાં વીતાવતા હતા એટલે તેમને શાકભાજી અને ફળ-ફૂલ ઉછેરવાની આવડત હતી, પણ યુ.કે.ના વિપરીત હવામાનમાં આ કામ કેવી રીતે કરવું તેનો કક્કો પણ તેઓ જાણતા ન હતા. તેમને હોંશ હતી એટલે તેમણે એક સંસ્થામાં જોડાઈને વાવણી અને છોડની સંભાળ વિશે શીખી લીધું.

૪ વાવણીના કામની સાથે સાથે રજનીભાઈએ પર્યાવરણની સંભાળ લેવાનું પણ શીખી લીધું અને પછી જયાબહેનને સમજાવ્યું, "જયા, પાછળના બગીચાના એક ખૂણામાં એક મોટું પીપ મૂક્યું છે તેમાં તું રસોડાના કચરાને ભરીશ એટલે તેમાંથી કુદરતી ખાતર બનશે. બીજા ખૂણે પેલું નાસપતિનું મોટું વૃક્ષ છે તેમાં ઘણાં પક્ષીઓએ માળા બાંધ્યા છે. વધારે પક્ષીઓને આકર્ષવા મેં મેજ મુકાવ્યા છે તેમાં ચણ પૂરતી રહેજે. તે વૃક્ષની નીચે થોડી જગ્યામાં આપણે જાતજાતની વનસ્પતીને ઊગવા દેશુ. એ ભાગ અનેક જીવો માટે વન સમાન બની જશે." "અને જો, બહાર ઊગી શકે એવાં શાકભાજી આપણે બહાર જ ઉગાડીશું. બીજાં માટે ઘરની નજીક જ મોટું કાચઘર ચણાવ્યું છે અને તેમાં ગરમીની વ્યવસ્થા પણ કરી છે, તેમાં આપણે બન્ને ભારતનાં શાકભાજી ઉગાડીશું. આપણા કુટુંબને રોજ રોજ તાજાં શાક ખાવાં મળશે અને વધારાનાં પાડોશમાં આપીશું." ત્યાર પછી રજનીભાઈએ ઘરની આગળના બગીચાને અનેક જાતના ફૂલોથી મહેકતો કર્યો અને વચ્ચે હિંડોળો મુકાવ્યો. ઉનાળાની સાંજનો સમય તેઓ આ હરિયાળીમાં આનંદથી પસાર કરતા.

© OCR 2015

www.xtrapapers.com



સવાલ ૩

ફકરો પહેલો

નીચે આપેલાં અધૂરાં વાક્યો વાંચો. [૬ ગુણ]

| |
|---|
| ૧. ... આવા કુદરતી વાતાવરણમાં રહેવાનું નહિ મળે. |
| ૨. ... તેઓ તેનું કહ્યું માનતા નહિ. |
| ૩. ... પોતાની વાડીમાં જ હતું. |
| ૪. ... સંકડાશમાં રહેવું પડશે. |
| ૫. ... રજનીભાઈ અને જયાબહેનને મદદ કરતું. |
| ૬. ... ચિરાગને મદદ કરતું. |
| ૭. ... તેમાં ઘણી બધી સુવિધાઓ હતી. |
| ૮. ... બંગલાથી દૂર નહોતું. |
| ૯. ... બાજુના શહેરમાં કામે જતા. |
| ૧૦. ... તેમને પાડોશીઓથી દૂર જવું ન હતું. |

નીચે આપેલાં દરેક અધૂરા વાક્યને ફકરા પ્રમાણે પૂરું કરવા ઉપરના કોષ્ટકમાંથી યોગ્ય અર્ધવાક્ય શોધી તેનો નંબર ખાનામાં લખો.

(ક) રજનીભાઈ અને જયાબહેનનું ઘર ... ☐

(ખ) તેઓ બન્ને આ ઘરમાં સુખેથી રહેતાં કેમ કે ... ☐

(ગ) ચિરાગ તેનાં માતા-પિતાને લંડન બોલાવતો પણ ... ☐

(ઘ) ચિરાગનાં માતાપિતાને લાગતું કે લંડનમાં ... ☐

(ચ) ચિરાગે કામે રાખેલું યુગલ ... ☐

(છ) આ યુગલનું રહેઠાણ ... ☐

© OCR 2015

www.xtrapapers.com



સવાલ ૪

ફકરો પહેલો

નીચે શબ્દો આપ્યા છે તેના સમાન અર્થવાળા શબ્દો પહેલા ફકરામાંથી શોધીને લખો. [૯ ગુણ]

(ક) મોટી ......................... [૧]

(ખ) અંતે .......................... [૧]

(ગ) સવલતો ........................... [૧]

(ઘ) પતિ -પત્નીનું ............................ [૧]

(ચ) પ્રકૃતિને ............................ [૧]

(છ) નિવારતા ............................ [૧]

(જ) સહાયક ............................ [૧]

(ઝ) હંમેશનો ............................ [૧]

(ટ) સાથ ............................ [૧]

© OCR 2015

www.xtrapapers.com



**સવાલ ૫**

**ફકરો બીજો**

**એક અથવા એકથી વધારે શબ્દો વડે લેખના અર્થ પ્રમાણે ખાલી જગ્યા પૂરો.** **[૫ ગુણ]**

ચિરાગનું મકાન જે લંડનની **(ક)** ........................................, તે જોઈને તેનાં **(ખ)**....................................

કે તેઓ જે માનતા હતા તે કદાચ **(ગ)** ..................................... હતું. વળી તેમની સ્વતંત્ર

**(ઘ)**..................................... ચિરાગે પોતાના મકાનની બાજુમાં જ તેમનો અલાયદો બંગલો ખરીદી આપ્યો.

વિશાળ બગીચાને જોઈ માતાપિતાને થયું કે તેઓ ત્યાં પણ કુદરતની નજીક રહીને **(ચ)** .................................

**સવાલ ૬**

**ફકરો ત્રીજો**

**નીચેનાં વાક્યોને લેખ પ્રમાણે પૂરાં કરો.** **[૫ ગુણ]**

**(ક)** રજનીભાઈએ કામ છોડ્યું પછી નવરાશને સમયે ............................................................ **[૧]**

**(ખ)** તેમને ભારતમાં શાકભાજી કેવી રીતે ઉગાડવાં તે ............................................................ **[૧]**

**(ગ)** યુ.કે.ની ઠંડીમાં શાકભાજી ઉગાડવા વિશે તેમને ............................................................ **[૧]**

**(ઘ)** રજનીભાઈ નવી રીતો શીખવા માટે ઉત્સાહથી............................................................ **[૧]**

**(ચ)** તેઓ વસ્તુઓ વાવવાનું અને તેનું ધ્યાન ...................................................................... **[૧]**

© OCR 2015

www.xtrapapers.com



**સવાલ ૭**

**ફકરો ચોથો**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** બગીચાનું કામ શીખવા ઉપરાંત રજનીભાઈ શું શીખ્યા?

............................................................................................................................. **[૧]**

**(ખ)** રસોડાના કચરાને કઈ રીતે ઉપયોગમાં લઈ શકાય તેમ હતો?

............................................................................................................................. **[૧]**

**(ગ)** પંખીઓ નાસપતિના ઝાડનો કેવી રીતે ઉપયોગ કરતા?

............................................................................................................................. **[૧]**

**(ઘ)** પંખીઓ વધે એટલા માટે રજનીભાઈએ જયાબહેનને શું કરવાની સલાહ આપી?

............................................................................................................................. **[૧]**

**(ચ)** નાના જીવો પ્રત્યે રજનીભાઈને અનુકંપા હતી તે શાના પરથી કહી શકાય?

............................................................................................................................. **[૧]**

**(છ)** બહાર ન ઊગી શકે એવાં શાકભાજી માટે તેમણે શું શું વ્યવસ્થા કરી? બે વિગતો આપો.

(૧)....................................................................................................................... **[૧]**

(૨)....................................................................................................................... **[૧]**

**(જ)** રજનીભાઈ વધારાનાં શકભાજીનું શું કરવાની આશા રાખતા હતા?

............................................................................................................................. **[૧]**

**(ઝ)** ગરમીની મોસમમાં રજનીભાઈની સાંજ પ્રસન્નતાથી વીતે તે માટે તેમણે શું શું કર્યું? બે વિગતો લખો.

(૧)....................................................................................................................... **[૧]**

(૨)....................................................................................................................... **[૧]**

© OCR 2015

www.xtrapapers.com



**સવાલ ૮ થી ૧૧**

**સવાલ ૮ થી ૧૧માં બધા જ સવાલો એક જ લેખ "યુ.કે.માં ગુનાખોરી" પર આધારિત છે. નીચે આપેલો લેખ વાંચો.**

**તમારું કામ સહેલું કરવા માટે નીચેના લેખની નકલ 'ઇન્સર્ટ શીટ' પર આપી છે.**

**યુ.કે.માં ગુનાખોરી**

૧ રોજ સવારે સમાચાર વાંચીએ, સાંભળીએ કે જોઇએ, તો તેમાં કોઈ ને કોઈ ખૂનખરાબી કે લૂંટફાટની વાત જાણવા મળે જ. લોકો પાસેથી કોઈને ઘેર ચોરી થઈ હોય કે કોઈનું ઘરેણું ખેંચાયું હોય તે જાણવા મળે. ભાગ્યે જ કોઈ દિવસ એવો જતો હશે જ્યારે કોઈ ગુનો ન થયો હોય.

૨ રાષ્ટ્રીય અહેવાલો આપણને કહે છે કે ગુનાખોરી ઓછી થતી જાય છે પણ સગાં-સંબંધીઓ સાથે વાત કરતાં આપણને લાગે છે કે દેશભરમાં ગુનાખોરી વધી છે. આનું કારણ એ હોઈ શકે કે ગુનેગારો ગુજરાતી ઘરોને અને લોકોને વધારે લૂંટવા લાગ્યા છે. આજકાલ કોઈ કોઈ ગુજરાતીઓ પણ ગુનાખોરીમાં સંડોવાયેલા હોય એમ જણાય છે. આ દેશના કિશોરોની કેટલીક ટોળકીઓમાં છરી – ચાકુના ગુનાઓ વધ્યા છે પણ ઘણાં માતા-પિતાઓ તેમનાં સંતાનો આવી ટોળકીઓના સભ્ય ન બને તેનું ખાસ ધ્યાન રાખે છે.

3 યુ.કે. જેવા **<u>સાધન-સંપન્ન</u>** દેશમાં ગુનાઓ વધવાનું કારણ શું હોય શકે? પાયામાં જોઈએ તો આ દેશમાં **<u>કુટુંબ વ્યવસ્થા તૂટી રહી છે</u>**. એક જ જણ કમાનાર હોય તેવા કુટુંબમાં કેટલાયે બાળકો **<u>ગરીબીની રેખા</u>** પર જીવી રહ્યાં છે. જ્યારે બીજી કોઈ રીતે **<u>જીવન જરૂરીઆતો</u>** પૂરી ન થાય ત્યારે આ બાળકો ગુનાઓ કરતા થઈ જાય છે કે કોઈ **<u>ટોળકીના શિકાર બને છે</u>**. પછી તો મહેનત કર્યા વગર ઘણું મેળવી લેવાની વૃત્તિ વ્યક્તિને **<u>ચોરી કરવા પ્રેરે છે</u>**.

૪ વર્ષો પહેલાં યુ.કે.માં ગુનાઓનું પ્રમાણ નહિવત્ હોવાથી લોકો શાંતિની નિંદર કરી શકતાં. અત્યારે ગુનાઓ વધ્યા છે પણ જો ઘણા લોકો અને સંસ્થાઓ સાથ આપે તો તેને ઓછા કરી શકાય. હું વાલીઓને કહું, "તમારા સંતાનોને બાળપણથી જ જીવનના મૂલ્યોની સમજ આપો જેથી તે સાચું શું અને ખોટું શું તે સ્પષ્ટ સમજી શકે." હું શિક્ષકોને કહું, "વિદ્યાર્થી તેના સહાધ્યાયીઓને માન આપે એવા વાતાવરણનું સર્જન કરો અને બાળકના મનમાં પોતાની ન હોય તે વસ્તુ લેવી તે વાજબી નથી એવી ખાસ છાપ ઉપસાવો. આ તમારી જવાબદારી છે." સરકારને કહું, "પોલિસખાતામાં દરેક જાતિના અફસરોની ભરતી કરો જેથી તેઓ તેમની જાતિના ગુનેગારોનો વિશ્વાસ પ્રાપ્ત કરી શકે અને ટોળકીઓને તોડીને ગુનાઓ ઓછા કરવામાં સફળ નીવડે. ન્યાયાધીશોને છૂટ આપો કે તેઓ ગુનેગારોને તેમના ગુના પ્રમાણેની સજા આપી શકે. ગુનેગારો સજાના ડરથી ગુના કરતાં બંધ થઈ જશે."

© OCR 2015

www.xtrapapers.com



**Task 8: Transfer of meaning**

**Transfer into ENGLISH the meaning of the first paragraph from** 'રોજ સવારે ઊઠીને સમાચાર વાંચીએ ' **to** 'જ્યારે કોઈ ગુનો ન થયો હોય.'

**Marks are awarded for accurate transfer of meaning and the quality of your written English.**

**[10 marks]**

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

........................................................................................................................................

© OCR 2015

www.xtrapapers.com



**સવાલ ૯**

**ફકરો બીજો**

**ખાલી જગ્યાઓને લેખ પ્રમાણે પૂરવા <u>તમારા પોતાના</u> એક અથવા વધારે શબ્દો લખો.** **[૬ ગુણ]**

દેશના સમાચારમાં આપણે **(ક)** ................................................. અત્યારે ગુનાઓ ઓછા થયા છે પણ

જ્યારે આપણે સગાં-વહાલાં સાથે **(ખ)** ............................................ એમ લાગે કે ગુનાઓ ઓછા

**(ગ)**.............................................. . કદાચ આનું કારણ એ હોઇ શકે કે ગુનેગારો ગુજરાતી લોકોના

ઘરોમાં **(ચ)**........................................ . અમુક ગુજરાતી લોકો પણ **(ઘ)**......................................

છે. મોટા ભાગના વાલીઓ ખાસ (છ) ..................................... તેમના બાળકો ટોળકીઓમાં ન ફસાય.

© OCR 2015

www.xtrapapers.com



સવાલ ૧૦

ફકરો ત્રીજો

**નીચે આપેલા શબ્દો / શબ્દસમૂહો લેખમાં લીટી દોરીને બતાવવામાં આવ્યા છે. દરેકનો અર્થ તમારા પોતાના શબ્દોમાં ગુજરાતીમાં સમજાવો.** **[૬ ગુણ]**

**(ક)** સાધન-સંપન્ન

..............................................................................................................................

.............................................................................................................................. **[૧]**

**(ખ)** કુટુંબ વ્યવસ્થા તૂટી રહી છે

..............................................................................................................................

.............................................................................................................................. **[૧]**

**(ગ)** ગરીબીની રેખા

..............................................................................................................................

.............................................................................................................................. **[૧]**

**(ઘ)** જીવન જરૂરીઆતો

..............................................................................................................................

.............................................................................................................................. **[૧]**

**(ચ)** ટોળકીના શિકાર બને છે

..............................................................................................................................

.............................................................................................................................. **[૧]**

**(છ)** ચોરી કરવા પ્રેરે છે

..............................................................................................................................

.............................................................................................................................. **[૧]**

© OCR 2015

www.xtrapapers.com



**સવાલ ૧૧**

**ફકરો ચોથો**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** પહેલાંના વખતમાં યુ.કે.ના લોકો શા માટે શાંતિભર્યું જીવન માણી શકતા?

........................................................................................................................ **[૧]**

**(ખ)** ગુનાઓ ઓછા કરવા કોના કોના સાથની જરૂર પડે?

........................................................................................................................ **[૧]**

**(ગ)** માતા-પિતા આમાં શું ભાગ ભજવી શકે? વિસ્તારથી સમજાવો.

........................................................................................................................

........................................................................................................................ **[૨]**

**(ઘ)** શિક્ષકોની કઈ કઈ ફરજો છે? **બન્ને** વિગતો આપો.

**(૧)**........................................................................................................................ **[૧]**

**(૨)**........................................................................................................................ **[૧]**

**(ચ)** લેખકના કહેવા પ્રમાણે ગુનેગારોની જાતિના પોલિસ અફસરો ગુનાઓ ઓછા કરવા શું કરી શકે અને કેવી રીતે?

........................................................................................................................

........................................................................................................................ **[૨]**

**(છ)** **(૧)** લેખકના કહેવા પ્રમાણે સરકાર ન્યાયાધિશોને શાની રજા આપી શકે?

........................................................................................................................ **[૧]**

**(૨)** ગુનેગારો પર આની અસર શા માટે પડશે?

........................................................................................................................ **[૧]**

© OCR 2015

www.xtrapapers.com



## SECTION C – Writing

*Recommended time for Section C: 1 hour*

**નીચેના સવાલોમાંથી એક ચૂંટો. ગુજરાતીમાં એક નિબંધ લખો. તમારે ઓછામાં ઓછા ૨૫૦ શબ્દો લખવા જોઈએ. તમે ૪૦૦થી વધારે શબ્દો ન લખો તેવી ભલામણ અમે કરીએ છીએ.**

**તમારા નિબંધમાં કોઈ પણ દેશમાં વસેલા ગુજરાતી ભાષા બોલતા સમાજને લગતા દાખલા અને માહિતીનો સમાવેશ થવો જોઈએ.**

**સવાલો ખાસ પાના પર પણ છાપેલા છે.**

**સવાલ ૧૨ સમાજ: એકતા અને અલગતા**

"ગુજરાતી માતાપિતાઓની વધતી જતી અપેક્ષાઓને કારણે યુ.કે.ના ગુજરાતી બાળકો તેમનું બાળજીવન શાંતિપુર્વક કે આનંદપુર્વક જીવી શકતા નથી."
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? દાખલા તરીકે, બાળક માટે વધારાના ટ્યુશનો રાખવાં, તેને અનેક પ્રવૃત્તિઓ કરાવવી, વગેરે વિશે વાત કરીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

**સવાલ ૧3 સમાજ: બેકારી**

તમારા યુવક મંડળ માટે એક લેખ લખો. તમારા લેખમાં આગળ અભ્યાસ કરીને તૈયાર થયેલા કિશોરોને સમજાવો કે તેમને આ દેશમાં તેમના અભ્યાસ પ્રમાણે કામ ન મળતું હોય તો તેમણે શું કરવું. પરદેશમાં કામ, અન્ય તાલીમ, તે માટેની તૈયારી, વગેરેને ધયાનમાં રાખી તમારો લેખ લખો અને આ વિકલ્પોના ફાયદા અને ગેરફાયદા સમજાવો.

**સવાલ ૧૪ પર્યાવરણ: કુદરતી દુનિયાની જાળવણી**

"જો આપણે આપણી આવતી પેઢીઓ માટે કુદરતી વાતાવરણને બચાવવું હોય તો આપણે જે જે વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ તેમાં કાપ મૂકવા જોઈએ અને પર્યાવરણને હાનિ કરે તેવા ઉપભોગો તદ્દન છોડવા જોઈએ."
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? ગુજરાતી સમાજમાં થતો કાગળ, પાણી, ઊર્જા વગેરેનો ઉપયોગ અને મોટાં મકાનો, ગાડી, રજાના સ્થળો વગેરે ઉપભોગો સંબંધી લખીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

**સવાલ ૧૫ પર્યાવરણ: વ્યક્તિ અને પર્યાવરણ**

તમારી નિશાળના સામયિક માટે 'વૈશ્વિક ગરમાવો – ગ્લોબલ વોર્મિંગ' એ વિષય પર લેખ લખો. લેખમાં, ગુજરાતી લોકો કઈ કઈ રીતે વૈશ્વિક ગરમાવો વધારે છે તે લખો અને ગરમાવો ઓછો કરવા માટેનાં સૂચનો આપો અને આમ કરવાથી થતા ફાયદાઓ સમજાવો.

© OCR 2015

www.xtrapapers.com



**સવાલ ૧૬ વિજ્ઞાન અને ટેકનોલોજી: તબીબી વિજ્ઞાનનો વિકાસ**

“ઘણા લોકો કહે છે કે યુ.કે.ની સરકારે નેશનલ હેલ્થને અપાતા પૈસામાં કાપ મૂક્યો છે.”
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? તમને અગર તમારાં ગુજરાતી સગાં-સંબંધીઓને નેશનલ હેલ્થના ડોક્ટરો, તેની ઈસ્પિતાલો, નર્સો અને દવાદારૂ વિશેના જે અનુભવો થયા હોય તેને ધ્યાનમાં રાખીને તમારા અભિપ્રાયોનું સમર્થન કરો.

**સવાલ ૧૭ વિજ્ઞાન અને ટેકનોલોજી: ટેકનોલોજીનો વિકાસ**

“નિશાળનું કામ અને કંપ્યૂટર” - એ વિષય પર તમે તમારી નિશાળના નાના વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાનું ભાષણ તૈયાર કરી રહ્યા છો. તમારા ભાષણમાં કંપ્યૂટર વાપરીને નિશાળના કામની યોજના કેવી રીતે કરી શકાય અને તે માટે જોઈતી સાચી માહિતી કઈ રીતે મેળવી શકાય તે કહો. વિદ્યાર્થીઓએ કેવી રીતે ચેતવું પણ જોઈએ તે સમજાવો.

**સવાલ ૧૮ સંસ્કૃતિ: રાજકારણ**

“ભારતમાં ચૂંટણીનો જંગ ખેલાય તે પહેલાં જ જીત કોની થવાની છે તે નક્કી હોય છે.”
તમે આ નિવેદન સાથે સહમત થાઓ છો? ૨૦૧૪માં ચૂંટણીમાં ભાગ લઈ રહેલા હરીફો અને ચૂંટણીજંગને ધ્યાનમાં રાખી તમારા અભિપ્રાયોનું સમર્થન કરો અને કહો કે તેમાં કયા ફેરફાર જરૂરી છે.

**સવાલ ૧૯ સંસ્કૃતિ: સાહિત્ય અને કળા**

ભારતના એક સામયિક માટે એક લેખ લખો. લેખમાં ભારતના કોઈ પણ બે ધર્મગ્રંથો કે શાસ્ત્રોનો ઉલ્લેખ કરો અને સમજાવો કે તે લોકોને કઈ શીખામણ આપે છે અને આજે તે કેટલે અંશે પ્રસ્તુત છે.

**[Relevance and Point of View: 10 marks]**
**[Structure and Analysis: 15 marks]**
**[Quality of Language: 20 marks]**

© OCR 2015

www.xtrapapers.com



**For candidate's use: Question no.**

© OCR 2015

www.xtrapapers.com



For candidate's use: Question no.

© OCR 2015

www.xtrapapers.com



BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2015

www.xtrapapers.com



**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

Oxford Cambridge and RSA

**Copyright Information**

OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.

If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.

For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.

OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2015